વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને મેચીંગ ફાળા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ) ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ વવજ/૧૦૨૦૧૭/૮૪૭/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨/૧૨/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ બજટ/ ૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૮/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./ ૨૦૨૦-૨૧/૯૪૪-૪૫

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં મેચીંગ ફાળા પેટે ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ) માટે રૂ.૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા આ બજેટ જોગવાઇ મુજબની રૂ.૫૦.૦૦ લાખની મેચીંગ ફાળા પેટે ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબની રૂ.૫૦.૦૦ લાખ (અંકે રૂપિયા પચાસ લાખ પુરા)ની મેચીંગ ફાળા પેટે ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) સને ૨૦૨૦-૨૧ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અચુક લેવાની રહેશે અને રીકવરીની વિગતો પ્રસંગોપાત સરકારને રજૂ કરવાની રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૮૦૦ અન્ય લોન, પેટા સદર-૦૨ ડીએનટી-૧૧ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.